

PRGI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 184
Dt.: 10-05-2026,
Sunday
Page:04
Rs.00.50 paisa






સોમનાથની દિવ્યતા અને ભવ્યતામાં યોગદાન આપો અને ગૌરવશાળી ઈતિહાસનો ભાગ બનો.

સ્કેન કરો.

# તંત્રી લેખ......

## ઈરાનમાં હથિયાર ખરીદવામાં મદદ કરનારા સામે ટ્રમ્પ લાલઘૂમઃ ૧૦ કંપનીઓ સામે બૅન મૂક્યો

અમેરિકાએ શુક્રવારે ચીન અને હોંગકોંગ સહિતની ૧૦ વ્યક્તિઓ અને કંપનીઓ પર આકરા આર્થિક પ્રતિબંધો લાદી દીધા છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો આરોપ છે કે આ કંપનીઓએ ઈરાનને શાહિદ ડ્રોન અને બેલેસ્ટિક મિસાઈલ કાર્યક્રમ માટે જરૂરી હથિયારોના પુર્જા અને કાચો માલ ખરીદવામાં મદદ કરી છે. આ પ્રતિબંધો એવા સમયે આવ્યા છે જ્યારે ટ્રમ્પ ટૂંક સમયમાં જ ચીનના પ્રમુખ શી જિનપિંગ સાથે મુલાકાત કરવા માટે બીજિંગ જવાના છે. ટ્રેઝરી વિભાગે સ્પષ્ટ ચેતવણી આપી છે કે ઈરાનના સૈન્ય નેટવર્ક અને ગેરકાયદેસર વેપારમાં સામેલ કોઈપણ વિદેશી કંપની કે એરલાઈન્સ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. અમેરિકાએ ઈરાનને મદદ કરતી નાણાકીય સંસ્થાઓ પર સેકન્ડરી પ્રતિબંધો લગાવવાની પણ તૈયારી બતાવી છે, ખાસ કરીને એવી સંસ્થાઓ જે ચીનની સ્વતંત્ર ટીપૉટ ઓઈલ રિફાઈનરીઓ સાથે જોડાયેલી છે. જોકે, નિષ્ણાતોનું માનવું છે કે આ પ્રતિબંધો હજુ મર્યાદિત છે, જેના કારણે ઈરાનને અન્ય રસ્તાઓ શોધવાનો સમય મળી શકે તેમ છે. હાલમાં ટ્રેઝરી વિભાગે એવા ચીની બેંકો પર કોઈ પગલાં લીધા નથી જે ઈરાનની અર્થવ્યવસ્થાને ટેકો આપી રહી છે. અમેરિકા દ્વારા પ્રતિબંધિત કરવામાં આવેલી સંસ્થાઓમાં ચીનની યુશિતા શંઘાઈ ઈન્ટરનેશનલ ટ્રેડ કંપની લિમિટેડ પર ઈરાનને હથિયારો ખરીદવામાં મદદ કરવાનો અને હિટેક્સ ઈન્સુલેશન નિંગબો કંપની લિમિટેડ પર બેલેસ્ટિક મિસાઈલોમાં વપરાતી સામગ્રી પૂરી પાડવાનો આરોપ છે. આ ઉપરાંત, દુબઈની એલિટ એનર્જી FZCO પર લાખો ડૉલર ટ્રાન્સફર કરવાનો તેમજ હોંગકોંગની HK હેસિન ઈન્ડસ્ટ્રી અને બેલારૂસની આર્મરી એલાયન્સ LLC પર ખરીદ-વેચાણના સોદામાં વચેટિયા તરીકે કામ કરવાનો આરોપ લગાવાયો છે. જ્યારે હોંગકોંગની મસ્ટેડ લિમિટેડ અને ઈરાનની પિશગામ ઈલેક્ટ્રોનિક સફેહ કંપનીને ડ્રોન મોટર અને સૈન્ય સાધનોની ખરીદીમાં મદદ કરવા બદલ નિશાને લેવામાં આવી છે. ઈરાન અને ઓમાન વચ્ચે આવેલી હોર્મુઝ સ્ટ્રેટ હાલમાં બંધ હોવાથી વૈશ્વિક ઊર્જા બજારમાં હાહાકાર મચી ગયો છે. ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલના હુમલા બાદ ઈરાને આ વ્યૂહાત્મક રસ્તો બંધ કર્યો હતો, જ્યાંથી વિશ્વનો આશરે ૨૦% ક્રૂડ ઓઈલ અને LNGનો વેપાર થાય છે. આ રસ્તો બંધ થવાથી તેલની કિંમતોમાં ભારે ઉછાળો આવ્યો છે. રિપોર્ટ અનુસાર, ઈરાન દર મહિને અંદાજે ૧૦,૦૦૦ ડ્રોન બનાવવાની ક્ષમતા ધરાવે છે, જે પ્રાદેશિક સુરક્ષા માટે મોટો ખતરો માનવામાં આવે છે.

## જે મિસાઈલ અમેરિકા પાસે પણ નથી તે ભારતે બનાવીને રચ્યો ઈતિહાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતે સંરક્ષણ ક્ષેત્રે એક મોટી ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. ભારતે મલ્ટીપલ ઈન્ડિપેન્ડન્ટલી ટાર્ગેટેબલ રી-એન્ટ્રી વ્હીકલ (MIRV) ટેકનોલોજીથી સજ્જ અગ્નિ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે.

આ અદ્યતન ટેકનોલોજી ભારતની વ્યૂહાત્મક સંરક્ષણ ક્ષમતામાં અનેકગણો વધારો કરશે.

MIRV ટેકનોલોજીની વિશેષતાઓ અને ખાસિયતો

એક જ મિસાઈલ, અનેક લક્ષ્ય - MIRV ટેકનોલોજીની મુખ્ય ખાસિયત એ છે કે તે એક જ મિસાઈલ દ્વારા અનેક પરમાણુ હથિયારો લઈ જવાની ક્ષમતા ધરાવે છે.

સ્વતંત્ર નિશાન - આ મિસાઈલમાંથી છૂટા પડતા દરેક હથિયારને (રી-એન્ટ્રી વ્હીકલ) અલગ-અલગ દુશ્મન લક્ષ્યો પર સ્વતંત્ર રીતે ત્રાટકવા માટે સેટ કરી શકાય છે.

સુરક્ષા કવચને ભેદવામાં સક્ષમ- એકસાથે અનેક હથિયારો અલગ-અલગ દિશામાં છોડવાને કારણે દુશ્મન દેશની એન્ટી-મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ માટે તેને રોકવું અત્યંત મુશ્કેલ બની જાય છે.

વ્યૂહાત્મક સરસાઈ- ભારત હવે વિશ્વના એવા જૂજ દેશોની યાદીમાં સામેલ થયું છે જેઓ આ જટિલ ટેકનોલોજી ધરાવે છે.

### વો હી તિરંગા, વો હી ઉડાન... એકસાથ ખડા હિંદુસ્તાન

## સોમનાથમાં પહેલીવાર વાયુસેના દ્વારા છ ફાઈટર જેટ સાથે દિલધડક 'સૂર્યકિરણ એર શો' યોજાશે

### ૧૧મી મેએ સવારે ૧૧ કલાકે પ્રથમ જ્યોતિર્લિંગના આકાશમાં એરસ્મોક દ્વારા 'ત્રિરંગા'ની પ્રતિકૃતિ રચાશેઃ દિલધડક એર-શોના ટ્રાયલમાં વિવિધ ફોર્મેશનોનું નિદર્શન

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં શરૂ થયેલા "સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬" ઉત્સવના પગલે આ શિવભૂમિ પર ચોમેર ઉમંગ અને ઉત્સાહ દેખાઈ રહ્યો છે. આ પર્વ સાથે પ્રભાસક્ષેત્રમાં અનેક ઈતિહાસ રચાવા જઈ રહ્યા છે. ભારતીય વાયુસેના દ્વારા પહેલીવાર સોમનાથમાં ૧૧મી મેના રોજ ફાઈટર જેટ દ્વારા દિલધડક 'સૂર્યકિરણ એર શો' યોજાશે.

પ્રભાસક્ષેત્રના આકાશમાં 'સૂર્યકિરણ એર શો' માં છ એરક્રાફ્ટ (ફાઈટર જેટ) દ્વારા આકાશમાં 'ટ્રાઈકલર સ્મોક ટ્રેઈલ', 'કલર સ્મોક', 'લૂપ્સ એન્ડ રોલ્સ', 'ક્લૉઝ ફોર્મેશન', 'ડાયમંડ ફોર્મેશન' સહિત હવાઈ કરતબો દ્વારા અલગ-અલગ રોમાંચક ફોર્મેશન દર્શાવવામાં આવશે. વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં યોજાનાર આ એર શોના શ્રદ્ધાળુઓ અને સ્થાનિક રહેવાસીઓ સાક્ષી બનશે.

એર શો અંગે ભારતીય વાયુ સેનાના વિંગ કમાન્ડર શ્રી જનમીત શર્માએ જણાવ્યું હતું કે, એરફોર્સની સૂર્યકિરણ એરોબિક્સ ટીમ દ્વારા વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં ૧૧મી મેના રોજ સવારે ૧૧ કલાકથી સૂર્યકિરણ એર શો યોજાશે. એરફોર્સના હૉક-એમ.કે - ૧૩૨ શ્રેણીના કુલ છ ફાઈટર જેટ દ્વારા આ કવાયત હાથ ધરવામાં આવશે.

જ્યારે ફ્લાઈટ લેફ્ટનન્ટ તથા ટીમના કમેન્ટેટર કુ. કંવલ સંધુએ જણાવ્યું હતું કે, ઈતિહાસમાં પહેલીવાર સોમનાથ મંદિર પર 'સૂર્યકિરણ એર શો' થશે. કુલ છ ફાઈટર જેટ આ કવાયતમાં સામેલ થશે. ગ્રુપ કેપ્ટન અને ટીમ લીડર શ્રી અજય દશરથીના માર્ગદર્શનમાં આ સમગ્ર કવાયત કરવામાં આવશે.



તેમણે કહ્યું હતું કે, એરફોર્સના પાયલટની તાલીમ આ ફાઈટર પ્લેન પર જ કરવામાં આવે છે. હવાઈ કરતબો ઉપરાંત જરૂર પડે તો આકસ્મિક સંજોગો, દુર્ગમ પ્રદેશમાં અણધાર્યું સંકટ અને યુદ્ધની સ્થિતિમાં આ ફાઈટર જેટ્સનો ઉપયોગ કરી શકાય છે.

સૂર્યકિરણ એર શો દરમિયાન આશરે ૮૦૦ થી ૯૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી આ ફાઈટર જેટ ઉડાન ભરશે. ફાઈનલ એર શો પૂર્વે ૧૦મી મેના રોજ સવારે ૧૧ વાગ્યાથી સૂર્યકિરણની ટીમ દ્વારા રિહર્સલ કરવામાં આવશે. આ છ ફાઈટર જેટ જામનગર સ્ટેશનથી ઓપરેટ થશે. તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

સૂર્યકિરણની દિલધડક કવાયત અંગે તેમણે જણાવ્યું હતું કે, શરૂઆતમાં છ જેટ એકસાથે ઉડાન ભરીને કવાયત કરશે. બાદમાં બે ટીમ અલગ અલગ થઈ જશે અને આકાશમાં વિવિધ ફોર્મેશન દ્વારા કરતબો કરશે.

સમગ્ર ટીમના સંકલન વિશે તેમણે જણાવ્યું હતું કે, ફાઈટર જેટના તમામ પાયલટ રેડિયો કમ્યુનિકેશન સહિતના ઉપકરણોથી સજ્જ હોય છે. એક પાઈલટ સ્કવોડ્રન લીડર શ્રી અમન ગોયલ જમીન પર રહેશે, જે જેટના પાયલટને હવાની ઝડપ, એકબીજાથી પ્લેનનું અંતર સહિતની જરૂરી માર્ગદર્શન, સૂચનાઓ અને સંભવિત જોખમ અંગે સતત માહિતી આપતા રહેશે.

પક્ષીઓથી બચાવ અંગે માહિતી આપતાં તેમણે જણાવ્યું કે, ફાઈટર જેટના કરતબમાં પક્ષીઓ અડચણરૂપ ન બને તે માટે આગોતરી તૈયારીઓ કરવામાં આવે છે. આ માટે બર્ડ હેઝાર્ડ કંટ્રોલ (બી.એચ.સી.) હરહંમેશ તૈયાર રહે છે. સોમનાથમાં એર શો પૂર્વે સ્થાનિક તંત્રના સહયોગથી બે દિવસ સ્થાનિક નાગરિકોને વધેલા ખાદ્ય પદાર્થો બહાર ન ફેંકવા સમજાવવામાં આવ્યાં છે. જેથી પક્ષીઓ ત્યાં ન આવે.

આ ઉપરાંત સૂર્યકિરણની ટીમ પણ ફટાકડાથી સજ્જ રહે છે. જરૂર પડ્યે આકાશમાં ફટાકડા છોડીને પક્ષીઓને દૂર રાખવામાં આવે છે. આ ફટાકડા એવા છે કે, જેમના અવાજ માત્રથી પક્ષીઓ દૂર રહે છે. આ ફટાકડા પક્ષીઓને નુકસાન પહોંચાડતા નથી.

આમ, જમીનથી હવામાં અને હવામાંથી હવામાં જ રહીને એકબીજા સાથે સંકલન સાધી અને સૂર્યકિરણની સમગ્ર ટીમ પ્રભાસક્ષેત્રની ભૂમિમાં આ રોમાંચક અને દિલધડક કરતબો દર્શાવશે. સૂર્યકિરણ એરોબિક્સ ટીમ દ્વારા હવાઈ નિરીક્ષણ તેમજ એર શો અને તેના રિહર્સલ માટેની જરૂરી તૈયારીઓ કરવામાં આવી રહી છે.

-સંદીપ,ગૌરાંગ

### ધોલેરામાં ક્રિસ્ટલ મેટ્રિક્સ દ્વારા રૂ.૩,૦૬૮ કરોડ અને સુરતમાં સુચી સેમિકોન દ્વારા રૂ.૮૬૮ કરોડ સહિત કુલ રૂ.૩,૯૩૬ કરોડનું કરાશે રોકાણ

## ગુજરાત બની રહ્યું છે 'સિલિકોન સ્ટેટ': વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની કેન્દ્રીય કેબિનેટે ગુજરાતને આપી બે નવા સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સની મંજૂરી

### સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગુજરાતની 'ડબલ એન્જિન' રફતારઃ દેશના ૧૨ સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સમાંથી ૦૬ પ્રોજેક્ટ્સ ગુજરાતમાંઃ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના કુશળ નેતૃત્વમાં કેન્દ્ર સરકારના 'ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન' અંતર્ગત ગુજરાત આજે દેશમાં ચિપ મેન્યુફેક્ચરિંગનું કેન્દ્ર બની રહ્યું છે. તાજેતરમાં જ મળેલી કેન્દ્રીય કેબિનેટ બેઠકમાં ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન (ISM) હેઠળ ગુજરાત માટે વધુ બે રૂ. ૩,૯૩૬ કરોડના નવા અત્યાધુનિક સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સને મંજૂરી આપીને રાજ્યને સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમનો અભિન્ન અંગ અને 'સિલિકોન સ્ટેટ' બનાવવાની દિશામાં મોટું પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. આ બંને પ્રોજેક્ટ્સમાં ધોલેરા SIRમાં ક્રિસ્ટલ મેટ્રિક્સ લિમિટેડ દ્વારા રૂ. ૩,૦૬૮ કરોડ અને સુરત ખાતે સુચી સેમિકોન પ્રાઈવેટ લિમિટેડ (SSPL) દ્વારા રૂ. ૮૬૮ કરોડનું રોકાણ કરવામાં આવશે, જે રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં એક નવું સીમાચિહ્ન સાબિત થશે, તેમ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતું.

મંત્રી શ્રી મોઢવાડીયાએ વધુમાં કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાતે સેમિકન્ડક્ટર ક્ષેત્ર માટે સમર્પિત નીતિ જાહેર કરી છે, જેના પરિણામે રાજ્યમાં અંદાજે રૂ. ૧.૨૪ લાખ કરોડના ચાર મોટા પ્રોજેક્ટ્સ આકાર લઈ રહ્યા છે. આ ઉપરાંત વધુ બે સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સ ગુજરાતમાં નિર્માણ પામશે. આ ઈકોસિસ્ટમને વેગ આપવા માટે 'ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન'-GSEM સિંગલ વિન્ડો ફેસિલિટેટર તરીકે કાર્ય કરી રહ્યું છે, જે રોકાણકારો માટે વહીવટી પ્રક્રિયાઓને વધુ સરળ બનાવે છે.

ભારત સરકારે આપેલી આ મંજૂરીને આવકારતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતે દેશની પ્રથમ સેમિકન્ડક્ટર પોલિસી જાહેર કરીને આ ક્ષેત્રે અનોખી પહેલ કરી હતી. જેના પરિણામે ભારતમાં ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ મંજૂર થયેલા કુલ ૧૨ સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સમાંથી ૦૬ પ્રોજેક્ટ્સ ગુજરાતના ભાગે આવ્યા છે અને રાજ્યમાં આ ક્ષેત્રે સૌથી વધુ કામગીરી થઈ રહી છે. આ નવા ૨ પ્રોજેક્ટ્સથી માત્ર રૂ. ૩,૯૩૬ કરોડનું રોકાણ જ નહીં, પરંતુ ૨,૨૩૦થી વધુ યુવાનોને ઉચ્ચ ટેકનિકલ રોજગારી મળશે અને હજારો પરોક્ષ રોજગારીની તકો પણ ઉભી થશે.

ભારત સરકારના આ નિર્ણયથી ગુજરાતમાં ચિપ ડિઝાઈનિંગથી લઈને ફેબ્રિકેશન અને પેકેજિંગ સુધીની સમગ્ર વેલ્યુ ચેઈન મજબૂત બની છે. ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન (GSEM) આ બંને કંપનીઓને જમીન, પાણી, વીજળી અને અન્ય માળખાગત સુવિધાઓમાં સંપૂર્ણ સહયોગ આપીને પ્રોજેક્ટ્સને સમયસર કાર્યરત કરવા માટે કટિબદ્ધ છે, તેમ પણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

કેન્દ્રીય કેબિનેટે ગુજરાતમાં મંજૂર કરેલા આ બે સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સ અંગે વિગતવાર માહિતી આપતા મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન હવે વિશ્વના અત્યાધુનિક ચિપ મેન્યુફેક્ચરિંગ સેન્ટરોની હરોળમાં સામેલ થયું છે. ક્રિસ્ટલ મેટ્રિક્સ લિમિટેડ દ્વારા ધોલેરા SIRમાં રૂ. ૩,૦૬૮ કરોડના રોકાણ સાથે દેશની પ્રથમ કમ્પાઉન્ડ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન સુવિધા સ્થાપવામાં આવશે.

આ પ્લાન્ટની વિશેષતા અંગે મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ક્રિસ્ટલ મેટ્રિક્સ દ્વારા સ્થાપવામાં આવનાર સુવિધામાં ગેલિયમ નાઈટ્રાઈડ (GaN) ટેકનોલોજી પર આધારિત મિની/માઈક્રો-એલઈડી ડિસ્પ્લે બનશે. જે અત્યાર સુધી માત્ર આયાત કરવામાં આવતી હતી. આ સુવિધા વાર્ષિક ૭૨,૦૦૦ ચોરસ મીટર ડિસ્પ્લે પેનલ્સ અને ૨૪,૦૦૦ સેટ RGB વેફર્સનું નિર્માણ કરશે. ધોલેરામાં નિર્માણ પામનાર આ મિની/માઈક્રો-એલઈડી ડિસ્પ્લેના ઉપયોગથી સ્માર્ટફોન, ઈલેક્ટ્રિક વાહનોના ડેશબોર્ડ અને હાઈ-એન્ડ ટીવી સ્ક્રીન ભવિષ્યમાં 'મેડ ઈન ગુજરાત' ચિપ્સથી સજ્જ થશે. આ ઉપરાંત હીરા અને ટેક્સટાઈલ ઉદ્યોગ માટે જાણીતું સુરત શહેર હવે હાઈ-ટેક સેમિકન્ડક્ટર ચિપ્સનું ઉત્પાદન પણ કરશે. સુચી સેમિકોન પ્રાઈવેટ લિમિટેડ (SSPL) દ્વારા રૂ. ૮૬૮ કરોડના ખર્ચે સુરતમાં સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) સુવિધા ઉભી કરવામાં આવશે. જેમાં, વાર્ષિક ૧૦૩.૦૩ કરોડથી વધુ ચિપ્સનું ઉત્પાદન કરશે. આ ચિપ્સ ઓટોમોબાઈલ અને ઈન્ડસ્ટ્રિયલ ઓટોમેશન ક્ષેત્રની માંગને પહોંચી વળવામાં મદદરૂપ થશે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું. - નિતીન/ જીગર બારોટ

### ૨૦૪૨ માતાઓએ દાખવી માનવતાઃ ૪૩૪ લીટર ધાવણનું દાન કરી અન્યના બાળકો માટે બની જીવનદાતા

## સિવિલ હોસ્પિટલની 'મા વાત્સલ્ય' મિલ્ક બેંકે ૪૫૧ અજાણ્યા નવજાત શિશુઓને આપ્યું નવજીવન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર છેવાડાના માનવી સુધી શ્રેષ્ઠ આરોગ્ય સુવિધાઓ પહોંચાડવા કટિબદ્ધ છે. મધર્સ ડે ના પવિત્ર અવસરે, અમદાવાદ સિવિલ હોસ્પિટલની મા વાત્સલ્ય મિલ્ક બેંક' માતૃત્વની કરુણા અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહી છે. આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના સતત પ્રોત્સાહનથી આ મિલ્ક બેંક આજે અનેક નબળા અને અધૂરા માસે જન્મેલા બાળકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

સિવિલ હોસ્પિટલની 'માં વાત્સલ્ય' મિલ્ક બેંકના ઇન્ચાર્જ ડૉ. સુચેતા મુનશીએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, "માતાનું ધાવણ એ નવજાત શિશુ માટે અમૃત સમાન છે. ૨૮ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ ૧૨૦૦ બેડ હોસ્પિટલ ખાતે શરૂ થયેલી આ મિલ્ક બેંકમાં અત્યાર સુધીમાં ૨૦૪૨ માતાઓએ પોતાના સંતાનોની સાથે સાથે અન્ય જરૂરિયાતમંદ બાળકો માટે પણ ધાવણનું દાન કર્યું છે.મા વાત્સલ્ય મિલ્ક બેંક' માં કુલ ૪૩૪ લીટર ધાવણ દાનમાં મળ્યું છે, જેના કારણે ૪૫૧ નવજાત શિશુઓને નવજીવન મળ્યું છે."

★પ્રેરણાદાયી માતાઓની કહાની

● મંજુલા બેનના બાળકને લોહીમાં ગંભીર ચેપ લાગ્યો હતો અને આંતરડામાં અવરોધ સર્જાતા ઓપરેશન કરવું પડ્યું હતું. બાળકને ૩૨ દિવસ સુધી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતું. આ કઠિન સમયમાં પણ મંજુલાબેને કુલ ૨૪ લીટર ધાવણનું દાન કરી અન્ય નવજાત બાળકોને જીવનનો સહારો આપ્યો હતો.

● કૃષ્ણાબેનની બેબી ખૂબ ઓછા વજન અને અધૂરા માસે જન્મી હતી. બાળકને લાંબા સમય સુધી વિશેષ





સારવારની જરૂર પડી. બાળકને ૪૦ દિવસ બાદ રજા મળી હતી. આ સમયગાળા દરમિયાન કૃષ્ણાબેને ૨૪ લીટર ધાવણનું દાન કર્યું હતું

★પુનિતાબેનને જોડિયા બાળકોનો જન્મ થયો હતો. બંને બાળકો અધૂરા મહિને જન્મ્યાં હોવાથી અત્યંત નબળાં હતાં. છતાં માતૃત્વની અનોખી ભાવનાથી પુનિતાબેને પ્રથમ ૪૦ દિવસમાં પોતાના બાળકો ઉપરાંત ૧૩ લીટર ધાવણનું દાન કર્યું હતું. આજે પુનિતાબેનના બંને બાળકો સંપૂર્ણ સ્વસ્થ છે.

★પૂજા પટેલ ને ૮૧૫ ગ્રામ જેટલા ખૂબ ઓછા વજન સાથે તેમજ અધૂરા મહીને બાળકનો જન્મ થયો હતો. બાળકને NICU માં દાખલ કરી ઈન્જેક્શન સર્ફેક્ટન્ટ ની સારવાર આપવામાં આવી હતી. ત્યારબાદ બાળકને ૧૨ દિવસ સુધી CPAP સપોર્ટ ઉપર રાખવામાં આવ્યું હતું. આ દરમિયાન, પૂજાબેને NICU માં રહી, મિલ્ક બેંકમાં નિયમિતપણે સ્તન દૂધ કાઢી બાળકને પોષણ પૂરું પાડ્યું હતું. આ સાથે પૂજાબેને દરરોજ લગભગ ૧૦-૧૨ કલાક કાંગારૂ મધર કેર (KMC) પણ બાળકને પૂરી પાડી, જેથી બાળકને સતત હૂંફ અને સ્થિર વિકાસ થતા બાળકમાં સુધારો અને સતત વજનમાં વધારો જોવા મળ્યો. આવી લાંબી અને પડકારજનક NICU સારવાર પછી, બાળકને ૪૪મા દિવસે ૧.૨૫ કિલો વજન થઈ સ્વસ્થ થતા રજા આપવામાં આવી.

મધર્સ ડે નિમિત્તે સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોશીએ આ તમામ દાતા માતાઓને સલામ કરતા જણાવ્યું કે, આ સેવા માત્ર આરોગ્ય લક્ષી નથી, પરંતુ માનવતાનું જીવંત ઉદાહરણ છે. સરકારના પ્રયાસો અને સમાજની આ સંવેદનાને કારણે આજે સેંકડો બાળકો સ્વસ્થ જીવન તરફ ડગ માંડી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બી. જે. મેડિકલ કોલેજ એલમ્ની એસોસિએશન તથા પંડ્યા ફાઉન્ડેશનના સહયોગથી સ્થાપિત આ બેંક ખાસ કરીને એવા બાળકો માટે વરદાન છે. જેમની માતા બીમાર હોય અથવા કોઈ કારણસર સ્તનપાન કરાવી શકતી ન હોય તેમના માટે મા વાત્સલ્ય મિલ્ક બેંક કાર્યરત છે. માતાના દૂધના કારણે જ નવજાત બાળકમાં રોગપ્રતિકારક શક્તિ તેમજ બાળકનો શારીરિક અને માનસિક વિકાસ થાય છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

## અમદાવાદમાં ધોળે દિવસે ચેન સ્નેચિંગઃ બાઈક પર આવેલા બે ગઠિયા સોનાની ચેન ઝૂંટવી ફરાર થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના સાબરમતી રામનગર સ્થિત સ્મૃતિ મંદિર પાસે દૂધ લેવા નીકળેલા એક યુવકના ગળામાંથી કાળા કલરની પલ્સર બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો રૂ. ૬૦,૦૦૦ની કિંમતની સોનાની ચેન અને ડાયમંડ પેન્ડલની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હતા.

ભોગ બનનાર યુવકે આ મામલે સાબરમતી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

વિગતો મુજબ, સાબરમતીના રામનગર વિસ્તારમાં રહેતા અને બોપલ રોડ પર કાપડના શો-રૂમમાં નોકરી કરતા મોક્ષાર્થ પ્રવિણચંદ્ર વોરા ગત સવારે સવા નવ વાગ્યાની આસપાસ સ્મૃતિ મંદિર પાછળ આવેલા અમૂલ પાર્લરથી દૂધ લઈને પરત ફરી રહ્યા હતા.

આ દરમિયાન સ્મૃતિ મંદિરના પાછળના ગેટ પાસે પાછળથી આવેલી બાઈક પરના બે ગઠિયાઓએ મોક્ષાર્થભાઈના ગળામાંથી ૫.૦૭૦ ગ્રામની સોનાની ચેન અને હીરાનું પેન્ડલ આંચકી લીધું હતું.

અચાનક થયેલા હુમલાથી ગભરાયેલા યુવકે બૂમાબૂમ કરી હતી, પરંતુ આરોપીઓ ગણતરીની સેકન્ડોમાં પલાયન થઈ ગયા હતા. ભોગ બનનારે આસપાસના સીસીટીવી કેમેરા તપાસ્યા હતા, પરંતુ બાઈકનો નંબર ટ્રેસ થઈ શક્યો નહોતો. અંતે પિતરાઈ ભાઈ સાથે પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ અને CCTV ના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ ગાંધીગ્રામ–ભાવનગર સેક્શનનું વિન્ડો ટ્રેલિંગ તથા સંરક્ષા નિરીક્ષણ કર્યું








પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક (ડીઆરએમ) શ્રી દિનેશ વર્માએ શનિવાર, તા. ૦૯ મે, ૨૦૨૬ના રોજ ગાંધીગ્રામ સ્ટેશનથી ભાવનગર સ્ટેશન સુધી વિગતવાર વિન્ડો ટ્રેલિંગ નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે ગાંધીગ્રામ, બાવળા, લોથલ ભુરખી અને બોટાદ સ્ટેશનોનું સંરક્ષા, સંચાલન અને યાત્રી સુવિધાઓના દૃષ્ટિકોણથી સઘન નિરીક્ષણ કર્યું.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું કે નિરીક્ષણ દરમિયાન શ્રી વર્માએ ગાંધીગ્રામ–સરખેજ સેક્શનમાં પ્રગતિ હેઠળના ડબલિંગ કાર્યનું વિશેષ નિરીક્ષણ કર્યું. તેમણે બાંધકામ કાર્યોની ગુણવત્તા, નિર્ધારિત સુરક્ષા ધોરણોના પાલન તથા કાર્યની પ્રગતિની વિસ્તૃત સમીક્ષા કરી અને સંબંધિત અધિકારીઓને સમયબદ્ધ તથા ગુણવત્તાસભર અમલીકરણ સુનિશ્ચિત કરવા સૂચનાઓ આપી.

આ ઉપરાંત, મંડળ રેલ પ્રબંધકે સેક્શનમાં ચાલી રહેલા વિવિધ બાંધકામ કાર્યો, પાટા માળખું, સિગ્નલ અને દૂરસંચાર વ્યવસ્થાઓ તેમજ અન્ય રેલવે આધારભૂત સુવિધાઓનું પણ સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું. તેમણે રેલવે સંપત્તિના જતન અને સંરક્ષા ધોરણો પ્રત્યે વિશેષ સતર્કતા રાખવા પર ભાર મૂક્યો.

શ્રી વર્માએ યાત્રિયોને ઉપલબ્ધ કરાવવામાં આવતી સુવિધાઓ જેવી કે સ્ટેશન પરિસરની સ્વચ્છતા, પીવાના પાણીની વ્યવસ્થા, પ્રતીક્ષાલય, પ્લેટફોર્મ પર ઉપલબ્ધ સુવિધાઓ તથા મુસાફર સુરક્ષા વ્યવસ્થાઓનું અવલોકન કર્યું. નિરીક્ષણ દરમિયાન તેમણે સંબંધિત અધિકારીઓને મુસાફરોને વધુ સારી, સુરક્ષિત અને સુવિધાજનક સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું.

મંડળ રેલ પ્રબંધકે અધિકારીઓ અને કર્મચારીઓને સંબોધિત કરતાં જણાવ્યું કે રેલવે સંચાલનમાં સંરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને સંરક્ષા ધોરણોનું શત-પ્રતિશત પાલન સુનિશ્ચિત કરવું દરેક કર્મચારીની સામૂહિક જવાબદારી છે. તેમણે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને ઉચ્ચ સ્તરની સતર્કતા, સમન્વય અને કાર્યકુશળતા સાથે પોતાની ફરજો નિભાવવાનો આહ્વાન કર્યો.

આ નિરીક્ષણ દરમિયાન મંડળના વિવિધ વિભાગોના શાખા અધિકારીઓ તથા સંબંધિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા.

# ભાવનગરમાં પીધેલા ઝડપાયેલા નાયબ મામલતદારને ફરજ મોકુફ કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર



ભાવનગર જિલ્લાના મહેસુલી મહેકમના કર્મચારી મેહુલ એન ભટ્ટ (નાયબ મામલતદાર, મ.ભો.યો-કોર્પોરેશન કચેરી ભાવનગર) ગઈ તારીખ ૧૭ માર્ચના રોજ કેફી પીણુ પીધેલી હાલતમાં મધ્યાહન ભોજન યોજના, કોર્પોરેશન પરીમલ ચોક પાસે જોવા મળતા તેઓને નશાવાળી હાલતમાં પોલીસ દ્વારા પુછપરછ અર્થે નિલમબાગ પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યા હતા. જયાં તેમના વિરૂધ્ધ એફઆઈઆર નોંધી કાયદેસરની કાર્યવાહી કરી અટક કરવામાં આવી હતી. ત્યારબાદ ૬ મે ના રોજ સાંજે આ કર્મચારી ભાવનગર શહેરના સુભાષનગર વિસ્તારમાં માનસદર્શન કોમ્પલેક્ષ નજીક નશાની હાલતમાં જોવા મળતા, ઘોઘા રોડ પોલીસ સ્ટેશન દ્વારા મેહુલ એન ભટ્ટની ધરપકડ કરવામાં આવી હતી. જેના સમાચારો સોશીયલ મીડીયામાં વાયરલ થયા હતા. મજકુર કર્મચારીએ વારંવાર ગુજરાત રાજય સેવા (વર્તણુંક) નિયમો ૧૯૭૧ ના નિયમોનો ભંગ કરેલ હોવાનુ સ્પષ્ટ થતુ હોય, ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ ની જોગવાઈ હેઠળ અત્રેના તારીખ ૮ મે ના હુકમ થી મેહુલ એન ભટ્ટને ફરજ મોકુફ કરવામાં આવ્યા છે. ફરજ મોકુફી દરમિયાન મજકુરનુ મુખ્યમથક મામલતદાર કચેરી ગારીયાધાર ખાતે રાખવામાં આવેલ છે. આ અંગે જિલ્લા કલેકટર ડો. મનીષકુમાર બસંલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે જિલ્લાના કોઈપણ અધિકારી કે કર્મચારી દ્વારા આવી વર્તણુંક ચલાવી લેવામાં આવશે નહી. તેમજ કાર્યવાહી કરવામાં આવશે.

# એન્જીનીયરીંગ કોલેજના પ્રોફેસરોનો વસ્તી ગણતરીની કામગીરીનો વિરોધ: અમારા ડેઝિગ્નેશન લેવલનુ કામ નથી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



ગુજરાતમાં કેન્દ્ર સરકાર દ્વારા વસ્તી ગણતરી અંગેનુ સત્તાવાર નોટીફીકેશન જાહેર કરવામાં આવ્યુ છે. જેના આધારે રાજયમાં પ્રથમ તબકકાની કામગીરી આગામી જુન મહિનાથી શરૂ થશે, સરકારના આયોજન મુજબ ૧ જુન થી ૩૦ જુન સુધી રાજયભરમાં હાઉસ લિસ્ટિંગ પ્રક્રિયા હાથ ધરાશે.

આ દરમિયાન ગણતરી કરનાર કર્મચારીઓ ઘરે ઘરે જઈને રહેણાંક મકાનો, પરીવારો અને મુળભુત સુવિધાઓ સંબંધિત માહિતી એકત્રિત કરશે, સમગ્ર પ્રક્રિયા ૩૦ દિવસની અંદર પૂર્ણ કરવાની રહેશે. આ વચ્ચે વસ્તી ગણતરીની કામગીરીને લઈ વિરોધના સુર ઉઠયા છે.

વસ્તી ગણતરીએ અમારા ડેઝિગ્નેશન લેવલનુ કામ નહી હોવાનો પ્રોફેસરોમાં ગણગણાટ જોવા મળતા ફરી એકવાર વસ્તી ગણતરીના આદેશો સામે વિરોધના સુર ઉઠયા છે. યુનિર્વસિટીના પ્રોફેસરો બાદ હવે એન્જીનીયરીગ કોલેજોના પ્રોફેસરોનો વિરોધ સામે આવ્યો છે. વસ્તી ગણતરીની કામગીરી સામે એન્જીનીયરીંગ પ્રોફેસરોએ નારાજગી વ્યકત કરી છે. આ વસ્તી ગણતરીની કામગીરી જુન મહિનામાં શરૂ થવાની છે અને બીજા તબકકાનુ કામ ફેબ્રુઆરી મહિનામાં થવાનુ છે. જુન મહિનાથી પરીક્ષા અને એન્જીનીયરીંગ કોલેજોમાં એડમીશન પ્રક્રિયા શરૂ થવાની છે. ત્યારે વસ્તી ગણતરી શકય નથી તેવુ પ્રોફેસરોનુ માનવુ છે, એટલુ જ નહી વસ્તી ગણતરી એ અમારા ડેઝિગ્નેશન લેવલનુ કામ નહી હોવાનુ પણ પ્રોફેસરો કહી રહ્યા છે. આ અંગે એન્જીનીયરીંગ કોલેજના પ્રોફેસરો મુખ્યમંત્રી ને પણ રજુઆત કરી ચુકયા છે. ફરી પ્રોફેસરો અમદાવાદ મ્યુનિસીપલ કમિશ્નરને મળીને પણ રજુઆત કરશે.

મહત્વની વાત એ છે કે વસ્તી ગણતરીની કામગીરી સામે એક પછી એક તબકકે વિરોધ થઈ રહ્યો છે. તો બીજી તરફ ગ્રાન્ટેડ શાળાના આચાર્યોને પણ વસ્તી ગણતરી નહી સોંપવાની રજુઆતો થઈ છે. જો દરેક સરકારી કર્મચારી વસ્તી ગણતરીના કામગીરી આદેશનો વિરોધ કરશે તો આ કામગીરી કોણ કરશે તેવો સવાલ ઉભો થયો છે. એકપછી એક સરકારી વિભાગના પ્રોફેસર વસ્તી ગણતરી કામગીરીનો વિરોધ કરી રહ્યા છે. તો આ વસ્તી ગણતરી કયો વિભાગ કરશે તે પણ જાણવુ જરૂરી છે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં પારદર્શિતાનો અભાવ જોવા મળ્યો : કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ




રાજકોટ ખાતે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સ યોજી ચુંટણી પરીણામો અંગે ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યુ હતુ કે જનતામાં નારાજગી હોવા છતાં પોલીસ અને પ્રશાસનના દુરુપયોગ તથા બિલ્ડરોની સંડોવણીને કારણે પરીણામો વિપરીત આવ્યા છે. ચુંટણી પ્રક્રિયામાં પારદર્શિતાનો અભાવ અને આમ આદમી પાર્ટી દ્વારા થયેલા મતોના વિભાજનને તેમણે હારનુ કારણ ગણાવ્યુ હતું. સાથે જ આમ આદમી પાર્ટીને આરએસએસ ની વિચારધારા પર ચાલતો પક્ષ ગણાવ્યો હતો. તેમણે જવાબદાર વિરોધપક્ષ તરીકે ખેડુતોના ભાવ, વીજ પોલ અને સહકારી સંસ્થાઓમાં થતા ભ્રષ્ટાચારના મુદ્દે લડત ચાલુ રાખવાની ખાત્રી આપી હતી. આગામી સમયમાં કોંગ્રેસ આવક કરતા વધુ મિલ્કત ધરાવતા અધિકારીઓને ખુલ્લા પાડવા અને જનતાનો અવાજ ઉઠાવવા કટીબધ્ધ છે.

# પોરબંદર ચોપાટી ખાતે કોસ્ટલ સિક્યુરિટી પોલીસ દ્વારા ઈન્ટર-કોસ્ટલ ડિસ્ટ્રિક્ટ ગેમ્સ યોજાઈ

## મરીન ટાસ્ક ફોર્સ (MTF) સહિત કુલ ૨૦ ટીમોએ બીચ વોલીબોલ, બીચ કબડ્ડી, ટગ ઓફ વોર, દરિયાઈ સ્વિમિંગ અને સી કાયકિંગ જેવી બીચ અને વોટર સ્પોર્ટ્સ ઈવેન્ટમાં ભાગ લીધો






પોરબંદરઃ કોસ્ટલ પોલીસ કર્મચારીઓમાં ટીમવર્ક, શારીરિક તંદુરસ્તી, ઓપરેશનલ કોઓર્ડિનેશન અને પરસ્પર સહકારની ભાવના મજબૂત બનાવવા માટે ગુજરાત રાજ્યના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (DIG), કોસ્ટલ સિક્યુરિટીની કચેરી દ્વારા શુક્રવારે પોરબંદરની ચોપાટી બીચ ખાતે ઈન્ટર-કોસ્ટલ ડિસ્ટ્રિક્ટ ગેમ્સ ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું.

"ગુજરાત પોલીસના કોસ્ટલ સિક્યુરિટી વિભાગ દ્વારા આ પ્રકારનો પ્રથમ કાર્યક્રમ યોજાયો હતો. તેનો હેતુ કોસ્ટલ પોલીસ કર્મચારીઓમાં ટીમવર્ક, શારીરિક તંદુરસ્તી, ઓપરેશનલ સંકલન અને સહકારની ભાવના મજબૂત બનાવી ગુજરાતના દરિયાકાંઠા સુરક્ષા માળખાને વધુ સશક્ત અને અસરકારક બનાવવાનો હતો," પોલીસ અધિક્ષક, કોસ્ટલ સિક્યોરિટી, ગુજરાત, શ્રી સુબોધ માનકરે જણાવ્યું.

આ કાર્યક્રમમાં કુલ ૨૦ ટીમોએ ભાગ લીધો હતો, જેમાં કોસ્ટલ જિલ્લાની પોલીસ યુનિટોની ૧૭ ટીમો અને મરીન ટાસ્ક ફોર્સ (MTF)ની ત્રણ ટીમો સામેલ હતી. બીચ વોલીબોલ, બીચ કબડ્ડી, ટગ ઓફ વોર, દરિયાઈ સ્વિમિંગ અને સી કાયકિંગ સહિતની વિવિધ બીચ અને વોટર સ્પોર્ટ્સની રમતો યોજાઈ હતી.

"વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓ આગામી સમયમાં પોલીસ મહાનિદેશક (DGP & HoPF) શ્રી ડૉ. કે.એલ.એન. રાવની ઉપસ્થિતિમાં યોજાનારી ફાઈનલ સ્પર્ધામાં ભાગ લેશે અને વિજેતાઓને પુરસ્કાર આપવામાં આવશે," શ્રી સુબોધ માનકરે વધુમાં જણાવ્યું હતું.

આ કાર્યક્રમનું આયોજન એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ATS અને કોસ્ટલ સિક્યુરિટી) શ્રી અમિત કુમાર વિશ્વકર્માના માર્ગદર્શન અને પોલીસ મહાનિર્દેશક (DGP & HoPF) શ્રી ડૉ. કે.એલ.એન. રાવના નિર્દેશન હેઠળ કરવામાં આવ્યું હતું.

વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, કોસ્ટલ સિક્યુરિટી કર્મચારીઓ વચ્ચે વધુ સારો સંકલન અને ટીમ બિલ્ડિંગ વિકસાવી ગુજરાતના દરિયાકાંઠા સુરક્ષા માળખાને વધુ મજબૂત બનાવવાનો આ પહેલનો મુખ્ય હેતુ છે.

### વડાપ્રધાનશ્રીના રોડ-શૉ સહિત રૂટનું પગપાળા નિરીક્ષણ કરતાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી

# નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ સાગરદર્શન ખાતે વડાપ્રધાનશ્રીના કાર્યક્રમોની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી તા. ૧૧મી મેના રોજ 'સોમનાથ અમૃત પર્વ' નિમિત્તે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના આંગણે પધારનાર છે. ત્યારે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ વડાપ્રધાનશ્રીના રોડ-શૉ સહિત રૂટનું પગપાળા નિરીક્ષણ કરી સાગરદર્શન ખાતે વડાપ્રધાનશ્રીના કાર્યક્રમોની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી હતી.

સાગરદર્શન ખાતે વડાપ્રધાનશ્રીના કાર્યક્રમોની પૂર્વ તૈયારીઓની સમીક્ષા બેઠક યોજી નાયબ મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના આગમન-પ્રસ્થાન માર્ગો, સભાસ્થળ અને રોડ શૉના કાર્યક્રમ સ્થળે કરવામાં આવેલી સુવિધાઓ, પાર્કિંગ તેમજ ટ્રાફિક નિયંત્રણ, આરોગ્ય સેવાઓ સહિતની વ્યવસ્થાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ વિવિધ વિભાગોના અધિકારીઓની જવાબદારીઓ સહિત એકબીજા વિભાગના સંકલન સાથે કાર્યક્રમનું સુચારૂ આયોજન થાય એ દિશામાં કાર્ય કરવા અંગે જરૂરી સૂચનાઓ આપી હતી.

બેઠક પહેલા નાયબ મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના આગમન સ્થળ હેલિપેડ થી લઈ હમીરજી ગોહિલ સર્કલ સુધીના રૉડ શૉ અને સમગ્ર મંદિર પરીસર સુધીના નિર્ધારિત રૂટનું સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ રોડ શૉના રૂટ પર સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા તેમજ માર્ગોની સુવિધાઓનું અવલોકન કરી સંબંધિત અધિકારીઓને બેરિકેડિંગ સહિતની વ્યવસ્થાઓ અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

અત્યારે ગરમીની ઋતુ હોવાથી વડાપ્રધાનશ્રીના રોડ શો અને સભાસ્થળ ખાતે નાગરિકોને ગરમી ન થાય તે માટે સ્પ્રિંકલર્સ અને પાણી-છાશ સહિતની પૂરતી વ્યવસ્થા ગોઠવવા માટે સૂચનો કર્યા હતાં.

આ બેઠકમાં કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, શિક્ષણ મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા, વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, ઉર્જા રાજયમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય સવશ્રી ભગવાનભાઈ બારડ, અનિરૂદ્ધભાઈ દવે સહિત પદાધિકારીઓ અને અગ્રસચિવ શ્રી અશ્વિનીકુમાર સહિતના શીર્ષ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### આણંદના મહિલા પ્રોફેસર સહિત ૩ જણાં સાથે

# શેરબજારમાં રોકાણના નામે રૂ.૪૫.૧૩ લાખની છેતરપિંડી કરતાં ફરિયાદ

## એનએસઈના શેરોમાં રોકાણ કરવાના નામે નાણાં મેળવી લઈ શેરો કે નાણાં પરત નહીં આપી ઠગાઈ કરતાં ગુનો દાખલ કરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

આણંદના મહિલા પ્રોફેસર તેમની બહેન તેમજ કંપનીમાં નોકરી કરતી મહિલાને એનએસઈના શેરોમાં રોકાણના બહાને રૂ.૪૫.૧૩ લાખ મેળવી લઈ શેરો ખરીદી કરી નહીં આપી છેતરપિંડી કરાઈ હતી. આ અંગે નડિયાદ ખાતે રહેતી અને કલ્પદ્રુમ ઈન્વેસ્ટમેન્ટ કંપની ચલાવતી મહિલા વિરુદ્ધ આણંદ શહેર પોલીસમથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે.આણંદ શહેરમાં જ્ઞાનદીપ સોસાયટી નેહરુ બાગ પાસે ૬૦ વર્ષીય નીનાબેન હરેશચંદ્ર પંડ્યા રહે છે અને આણંદ શહેરની આર્ટસ કોલેજમાં પ્રોફેસર તરીકે નોકરી કરે છે. સાત વર્ષ અગાઉ નીનાબેનની મુલાકાત નડિયાદ ખાતે રહેતા રૂષિત મુકેશભાઈ શાહ સાથે થઈ હતી અને રૂષિત શાહે શેર માર્કેટમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. જેથી નીનાબેને રૂષિતભાઈની સલાહ મુજબ રોકાણ કરતા સારું વળતર મળતા નીનાબેને પોતાની બહેન સપનાબેનને વાત કરતાં સપનાબેને પણ રૂષિતભાઈ સાથે ચર્ચા કરીને તેમની સલાહ મુજબ જે.એમ. ફાઈનાન્સ કંપનીમાં ડિમેટ એકાઉન્ટ ખોલાવ્યું હતું અને શેરમાર્કેટમાં રોકાણ કરતા હતા.

ગત એપ્રિલ ૨૦૨૫માં રૂષિતભાઈએ બંને બહેનોને ફોન તેમજ વોટ્સએપના માધ્યમથી જણાવ્યું હતું કે, એનએસઈના શેર લોન્ચ થવાના છે જે ખૂબ જ સારું વળતર આપશે. જેમાં રૂ.૧૪ લાખનું રોકાણ કરવું પડશે, જેથી નીનાબેન રોકાણ કરવા માટે સહમત થયા હતા અને તારીખ ૯-૪-૨૦૨૫ના રોજ રૂ.૧૪ લાખ આરટીજીએસ મારફતે આપવામાં આવ્યા હતા. સપનાબેન રાધેશ્યામ શર્માએ તારીખ ૨-૪-૨૫ના રોજ રૂ ૧૪.૨૫ લાખ, તારીખ ૨૩-૫-૨૫ના રોજ રૂ ૫ લાખ તારીખ ૩-૪-૨૫ના રોજ સપનાબેનના પુત્ર સારંગ શર્માએ પણ રૂ.૨.૬૦ લાખનુ રોકાણ કર્યુ હતું.આ ઉપરાંત રૂષિતભાઈની સાથે નોકરી કરતા અને આણંદમાં રહેતા દિપાલીબેન નીરવભાઈ વાઘેલાએ પણ રૂ.૯.૨૮ લાખનું રોકાણ કરવા માટે આપ્યા હતા. ત્યારબાદ કલ્પદ્રુમ ઈન્વેસ્ટમેન્ટ દ્વારા શેરનું લીસ્ટીંગ હજુ થયું નથી તેમ જણાવીને તેમાં ૩૫૦૦ ટકા જેટલું પહેલું ડિવિડન્ડ મળવાનું છે, જે તમારા ડિમેટ એકાઉન્ટમાં આવશે તેવી ખાતરી રૂષિતભાઈ શાહે આપી હતી.આ પછી તારીખ ૨૪-૫-૨૦૨૫ના રોજ રૂષિતભાઈ શાહનું કેનેડા મુકામે અવસાન થયું હતું. જેથી રૂષિતભાઈના માતા કલ્પદ્રુમ ઈન્વેસ્ટમેન્ટ કંપનીના ભાવનાબેન મુકેશભાઈ શાહનો સંપર્ક કરીને નીનાબેન સહિતના લોકોએ રોકાણ બાબતે પૂછપરછ કરતાં ભાવનાબેન શાહે શેર ખરીદવામાં આવ્યા છે અને તમારા એકાઉન્ટમાં જમા થઈ જશે તેવો વિશ્વાસ આપ્યો હતો પરંતુ આજદિન સુધી શેર કે રોકાણ કરવા માટે આપેલા રૂ.૪૫.૧૩ લાખની રકમ ભાવનાબેને પરત આપી ન હતી.આ બનાવ અંગે નીનાબેન હરિશ્ચંદ્ર પંડ્યાએ આણંદ શહેર પોલીસમથકમાં કલ્પદ્રુમ ઈન્વેસ્ટમેન્ટના પ્રોપરાઈટર ભાવનાબેન મુકેશભાઈ શાહ (રહે. સ્નેહપાર્ક સોસાયટી, વૈશાલી ટોકીઝ પાસે, નડિયાદ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વડોદરામાં એક્સપ્રેસ વે પર કારમાં આગ, એક વ્યક્તિ જીવતો ભુંજાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા જિલ્લાના પાદરા પાસેથી પસાર થતા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર આજે એક અત્યંત ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. કરજણ તરફ જતી એક કારમાં અચાનક આગ ફાટી નીકળતા ચાલક બહાર નીકળી શક્યો નહોતો અને કારની અંદર જ તેનું કરુણ મોત નીપજ્યું હતું. ટાયરમાં ઓવર હિટ થવાના કારણે આગ લાગી હોવાનું અનુમાન છે. હાલ પાદરા પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, પાદરાથી કરજણ તરફ જતા એક્સપ્રેસ વે પર આ દુર્ઘટના બની હતી. કારમાં આગ એટલી ઝડપથી પ્રસરી ગઈ હતી કે કારમાં સવાર વ્યક્તિને બહાર નીકળવાની તક પણ મળી નહોતી. જોતજોતામાં સંપૂર્ણ વાહન આગની ઝપેટમાં આવી ગયું હતુ અને અંદર રહેલી વ્યક્તિ બળીને ખાખ થઈ ગઈ હતી.

# સોમનાથના ઈતિહાસમાં પહેલીવાર મંદિર ઉપર ૧૧મી મેએ ૧૧ તીર્થોના જળથી કુંભાભિષેક થશે



પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં શરૂ થયેલા "સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬" ઉત્સવના પગલે આ દેવભૂમિ પર ચોમેર ઉમંગ અને ઉત્સાહ વર્તાઈ રહ્યા છે. આ પર્વ સાથે સોમનાથ ક્ષેત્રમાં અનેક ઈતિહાસ પણ રચાવા જઈ રહ્યા છે. પુનઃનિર્મિત સોમનાથ મંદિરના શિખર પર પહેલીવાર ૧૧ તીર્થોના જળથી કુંભાભિષેક કરવામાં આવશે.

"સોમનાથ અમૃતપર્વ ૨૦૨૬"ના વિશેષ અવસરે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ૧૧મી મેના રોજ સોમનાથ આવી રહ્યા છે. વડાપ્રધાનશ્રી સવારે સોમનાથ મહાદેવની મહાપૂજા કરશે. આ દરમિયાન મંદિર બહાર ક્રેનથી વિશાળ કુંભ ૯૦ મીટર ઊંચાઈ પર મંદિરના શિખર સુધી લઈ જવાશે. બ્રાહ્મણો પણ આ કુંભની સાથે જ રહેશે. ૧૧ તીર્થોના પવિત્ર જળ ભરેલા આ કુંભથી મંત્રોચ્ચાર સાથે શિખર પર અભિષેક કરવામાં આવશે.

આ અંગે તીર્થ પુરોહિત સોમપુરા બ્રાહ્મણ સમાજના પ્રમુખ શ્રી હેમલભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે, પુનઃનિર્મિત સોમનાથ મંદિરના ઈતિહાસમાં પહેલીવાર શિખર પર કુંભાભિષેક કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે, સામાન્ય રીતે દેશના દક્ષિણના રાજ્યોમાં આ પરંપરા જોવા મળે છે. જ્યાં મોટેભાગે ૧૦-૧૨ વર્ષે મંદિરના શિખર પર અભિષેક કરીને શુદ્ધિકરણ કરવામાં આવે છે. પરંતુ સોમનાથમાં આવું પ્રથમવાર થઈ રહ્યું છે. -સંદીપ

# રિકન્સ્ટ્રક્શનના નામે આરોપીઓના સરઘસ કાઢનાર વડોદરા પોલીસ પાસે હાઈકોર્ટે માંગ્યો ખુલાસો

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

વડોદરામાં ૨૦૨૫ માં ગણેશોત્સવના તહેવાર નિમિત્તે શ્રીગણેશજીની પ્રતિમા પર ઈંડા ફેંકી શાંતિને પલીતો ચાંપનારા આરોપીઓની પોલીસે ધરપકડ કરી હતી. ઉપરાંત ઝડપાયેલા આરોપી પૈકી એક આરોપી સગીર હોવાનો ખુલાસો પણ થયો હતો.

પોલીસે આરોપીઓનો જાહેરમાં સરઘસ કાઢી લોકોની ભાવનાઓને ઠેસ પહોંચાડવા બદલ માફી પણ મંગાવી હતી. વડોદરા માં ગત ઓગષ્ટ મહિનામાં પાણીગેટ નજીક શ્રીજી ની પ્રતિમા પર ઈંડા ફેંકવાની ઘટનાને લઈને વિવાદ ઊભો થયો છે. આ સમગ્ર મામલે પોલીસની કામગીરી સામે કોર્ટની અવમાનના થયાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. ક્રાઈમ બ્રાન્ચ અને સિટી PI સહિત છ અધિકારીઓ સામે અરજી કરવામાં આવી છે.

હાઈકોર્ટે પાંચ આરોપીની અરજી સ્વીકારી છે. રિકન્સ્ટ્રકશન ના નામે પરેડ કરાવી શકાય નહીં તેવું હાઈકોર્ટે કહ્યું છે. સુપ્રીમના નિર્દેશોનું ઉલ્લંઘન કરી આરોપીઓનું સરઘસ કાઢવા મુદ્દે હાઈકોર્ટે જવાબ માંગ્યો છે. ગત ઓગષ્ટ મહિનામાં પાણીગેટ નજીક આ ઘટના બની હતી. જેના કારણે તણાવભરી પરિસ્થિતિ ઊભી થઈ હતી. આ ઘટનાને ગંભીરતાથી લેતા પોલીસો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. પોલીસે આ મામલે સીટી પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવીને કાર્યવાહી શરૂ કરી હતી.

# પ્રેસનું "ગળું દબાવવા" સાથે બ્લોક કરાયેલા પેજ પુનઃસ્થાપિત કરવાની માંગ સાથે ભટિંડામાં પત્રકારોનું વિશાળ વિરોધ પ્રદર્શન

(છગનલાલ મેવાડા દ્વારા) સુરત

દેશભરમાં આજે પત્રકારોએ સાચુ લખવું હોય તો ભારે કિંમત ચૂકવવી પડતી હોય છે અને એના અનેક દાખલાઓ મૌજૂદ છે. જેમાં સત્યને પંથે ચાલનારા પત્રકારોએ મોતને પણ વહાલું કરવું પડયુ હોય ત્યારે પંજાબના ભટિંડા શહેરમાં મંગળવારે પત્રકારો, ખેડૂત પ્રતિનિધિઓ અને નાગરિક અધિકાર કાર્યકરોએ મોટી સંખ્યામાં એકઠા થઈને વરિષ્ઠ પોલીસ અધિક્ષક (SSP)ની કચેરી બહાર ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યુ હતું. "પ્રેસ દી આઝાદી બહાલ કરો સંઘર્ષ સમિતિ" દ્વારા આયોજિત આ પ્રદર્શનમાં સહભાગીઓએ માનવ સાંકળ રચીને રાજયમાં પ્રેસની સ્વતંત્રતા પર થઈ રહેલા હુમલાઓ સામે રોષ વ્યક્ત કર્યો હતો.

દેખાવકારોએ કેન્દ્ર અને રાજય સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરતાં આક્ષેપ કર્યો હતો કે સત્તાધીશો ધ્વારા વ્યવસ્થિત રીતે સ્વતંત્ર પત્રકારત્વને નિશાન બનાવવામાં આવી રહ્યું છે. આ વિવાદના કેન્દ્રમાં પત્રકાર મનિન્દરજીત સિંહ સિધ્ધુનું સોશિયલ મીડિયા પેજ બંધ કરી દેવાની ઘટના છે. આરોપ છે કે સિધ્ધુએ ભટિંડા ના જેઓંદ ગામના વિવાદાસ્પદ મુદ્દાઓ પર રિપોર્ટિંગ કર્યા બાદ પોલીસે આ કાર્યવાહી કરી હતી. અંતે સભામાં ચેતવણી આપવામાં આવી હતી કે પત્રકારોને ડરાવવા અને તેમના કામમાં દાખલગીરી કરવી એ વાણી સ્વતંત્રતા ના બંધારણીય અધિકારનું સીધું ઉલ્લંઘન છે.

સમિતિએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો બ્લોક કરાયેલા પેજ પુનઃસ્થાપિત કરવામાં નહીં આવે અને પત્રકારો સામેના "ખોટા કેસ" પાછા ખેંચવામાં નહીં આવે તો આગામી દિવસોમાં સમગ્ર રાજયમાં આંદોલન તેજ કરવામાં આવશે.

# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર-તલોદ હાઈવે પર કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા બે આશાસ્પદ યુવકોના મોત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તલોદ સ્ટેટ હાઈવે પર આજે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો.

તલોદના છત્રીસા ગામથી હિંમતનગરના મેડીટીંબા તરફ બાઈક પર જઈ રહેલા બે વ્યકિતઓને મેકીનો ફેકટરી પાસે પાછળથી આવતી એક બેફામ ગતિની કારે જોરદાર ટકકર મારી હતી. આ ટકકર એટલી પ્રચંડ હતી કે બાઈક સવાર બંને વ્યકિતઓ રોડ પર ફંગોળાયા હતા અને ગંભીર ઈજાઓ થવાને કારણે બંનેના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજયા હતા.

અકસ્માતની તીવ્રતા એટલી વધારે હતી કે બાઈકને અડફેટે લીધા બાદ કાર ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી દીધો હતો. પરીણામે કાર હાઈવે ની વચ્ચે જ પલ્ટી મારી ગઈ હતી. અકસ્માતને પગલે હાઈવે પર લોકોના ટોળે ટોળા ઉમેટી પડયા હતા અને થોડા સમય માટે ટ્રાફીક જામની સ્થિતિ સર્જાઈ હતી. સ્થાનિક લોકોએ તાત્કાલીક બચાવ કામગીરી માટે દોડી આવી પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતા જ પ્રાંતિજ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ટ્રાફીક હળવો કરાવ્યો હતો. પોલીસે બંને મૃતકોના શબને કબ્જે કરી પોસ્ટમોર્ટમ માટે હિંમતનગર સીવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હાલમાં પ્રાંતિજ પોલીસે અકસ્માતનો ગુન્હો નોંધીને ફરાર થઈ ગયેલા કારચાલકની શોધખોળ હાથ ધરી છે.

# બોટાદના આમ આદમી પાર્ટીના તાલુકા પંચાયતના સદસ્ય પર હુમલાને લઈ અરવિંદ કેજરીવાલે આપી પ્રતિક્રિયા: ગુજરાતની જનતા ભાજપને જવાબ આપશે

પ્રતિનિધિ,ગાંધીનગર



બોટાદ જિલ્લામાં આમ આદમી પાર્ટીના જીતેલા તાલુકા પંચાયત સદસ્ય પ્રવિણભાઈ મકવાણા પર થયેલા જીવલેણ હુમલાને લઈને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ટવીટ કરીને પ્રતિક્રિયા આપી હતી. પ્રવિણભાઈ મકવાણા પર કેટલાક અસામાજિક તત્વો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાને લઈને અરવિંદ કેજરીવાલે જણાવ્યુ હતુ કે તેઓ પ્રવિણભાઈ ના જલ્દી સ્વસ્થ થવાની પ્રાર્થના કરે છે અને ગુજરાતને ભાજપના અત્યાચારોથી મુકત કરવાની તેમની હિંમત જ આવા તત્વોને સૌથી વધુ ખટકી રહી છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે ભાજપને એ સહન નથી થઈ રહ્યુ કે ગુજરાતનો સામાન્ય માણસ હવે બદલાવ માટે ઉભો થઈ રહ્યો છે. અરવિંદ કેજરીવાલે વધુમાં જણાવ્યુ હતુ કે આ હુમલો માત્ર પ્રવિણભાઈ ઉપર નહી પરંતુ દરેક એવા ગુજરાતીઓ ઉપર છે જે ભાજપની ગુંડાગીરીથી કંટાળી ગયા છે અને હવે પરીવર્તન ઈચ્છે છે. તેમણે વધુમાં કહ્યુ કે ગુજરાતની જનતા આનો ૨૦૨૭ માં જવાબ આપશે. સાથે જ તેમણે ભાજપ પર નિશાન સાધતા જણાવ્યુ હતુ કે આખી ભાજપ બોખલાઈ ગઈ છે અને તેમને સમજાતુ નથી કે આમ આદમી પાર્ટીને કેવી રીતે રોકવી, કોંગ્રેસ ઘણા સમય પહેલા જ ઝુકી ગઈ હોવાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યુ હતુ કે આમ આદમી પાર્ટીના કાર્યકરો ઝુકવાનુ નામ નથી લેતા અને લોકોના હક્ક માટે સતત લડી રહ્યા છે.

# તાપી, દાહોદ અને ભાવનગરના આઉટસોર્સિંગ કર્મચારીઓના લીવ ઓન કેશમાં ખાયકી કરનાર અલ્ટ્રા મોર્ડન એજન્સીનો કોન્ટ્રાકટ રદ કરવાની માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર


રાજયના તાપી, દાહોદ અને ભાવનગર જિલ્લા પંચાયત હસ્તકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓની સેવા આઉટ સોર્સિંગથી લેવા એજન્સીઓ નકકી કરવા જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા.

નવેમ્બર ૨૦૨૩ થી અલ્ટ્રા મોર્ડન એજન્સી કાર્યરત છે. આ બે વરસના સમયગાળામાં એજન્સી દ્વારા ટેન્ડરની શરત વિરૂધ્ધ લીવ ઓન કેશ ના નાણાં કર્મચારીઓને ચુકવ્યા નથી અને આ નાણાંમાં ઉચાપત કરવામાં આવી હોવાનુ જાણવા મળી રહ્યુ છે. ગુજરાત જનતા જાગૃતિ મંચ દ્વારા ફરીયાદ કરવામાં આવતા ટેન્ડર કમિટીઓ દ્વારા આ નાણાંની રીકવરી કરવા નો આદેશ આપવામાં આવ્યો છે. છેલ્લા બે વરસમાં તાપી જિલ્લામાં કુલ ૧,૩૨,૫૨,૮૦૬ રૂપીયા, ભાવનગર જિલ્લામાં ૧,૭૨,૫૩,૩૪૦ રૂપીયા અને દાહોદ જિલ્લામાં ૨,૮૩,૪૫,૨૭૬ રૂપીયા આમ ૩ જિલ્લામાં અલ્ટ્રા મોર્ડન એજન્સી દ્વારા અંદાજીત ૬ કરોડ રૂપીયાની ઉચાપત કરવામાં આવી છે. તેમ છતાં ગુજરાત સરકાર દ્વારા અલ્ટ્રા મોર્ડન એજન્સીને ભ્રષ્ટાચાર કરવા ખુલ્લી છુટ આપતા હોય તેમ એક વરસ માટે કોન્ટ્રાકટ લંબાવવામાં આવ્યો છે. સુત્રોના કહેવા પ્રમાણે અલ્ટ્રા મોર્ડન એજન્સીનો માલીક નિલેશ ચૌધરી વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીનો અંગત હોઈ તેની વિરૂધ્ધ સરકાર કે અધિકારીઓ કોઈ કાર્યવાહી નથી કરી શકતા, ત્યારે તાપી, દાહોદ અને ભાવનગર જિલ્લાના ૨ હજાર કરતા પણ વધુ આઉટ સોર્સિંગ કર્મચારીઓના હક્કના પરસેવાની કમાણીના રૂપીયામાં ખાયકી કરનાર અલ્ટ્રા મોર્ડન એજન્સીનો કોન્ટ્રાકટ રદ કરી પોલીસ ફરીયાદ દાખલ કરવાની માંગ સાથે ગુજરાત જનતા જાગૃતિ મંચ દ્વારા મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી છે.

ગુજરાત જનતા જાગૃતિ મંચના પ્રમુખે જણાવ્યુ હતુ કે ગુજરાત સરકાર ભ્રષ્ટાચાર નાબુદ કરવાના દાવા કરી રહી છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે નાના કર્મચારીઓ ભ્રષ્ટાચાર આચરતા પકડાય તો તેમને તરતજ નોકરીમાંથી ઘરભેગા કરી દેવામાં આવે છે.

અગાઉ નર્મદા જિલ્લાનો એક કર્મચારી માત્ર ૧૦ રૂપીયાની લાંચ લેતા પકડાયો હતો, ખંભાળીયાનો કર્મચારી માત્ર ૭૦ રૂપીયાની લાંચ લેતા પકડાયો હતો, ગોંડલનો કર્મચારી માત્ર ૧૦૦ રૂપીયાની લાંચ લેતા પકડાયો હતો, ત્યારે આ તમામ કર્મચારીઓને નોકરીમાંથી ઘર ભેગા કરી દેવામાં આવ્યા હતા. જયારે ગરીબ આઉટ સોર્સિંગ કર્મચારીઓના પરસેવાની કમાણીના કરોડો રૂપીયાની ચોરી કરનાર, ભ્રષ્ટાચાર આચરનાર એજન્સીઓને ગુજરાત સરકાર છાવરી રહી છે.

ટેન્ડરની શરતમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે કર્મચારીઓને નિયમ કરતા ઓછુ વેતન ચુકવે કે ગેરરીતી આચરે તો એજન્સીનો કોન્ટ્રાકટ કોઈપણ નોટીસ આપ્યા વિના રદ કરી દેવામાં આવશે. છતાં આ ત્રણેય જિલ્લામાંથી એકપણ જિલ્લાના ડીડીઓએ અલ્ટ્રા મોર્ડન એજન્સીનો કોન્ટ્રાકટ રદ કર્યો નથી.







# આજથી ગુજરાતના તાપમાનમાં થશે ૩ ડીગ્રી વધારો: ૧૨ જિલ્લામાં ગરમીનુ એલર્ટ જાહેર

પ્રતિનિધિ,ગાંધીનગર




માવઠાની વિદાય બાદ હવે ગુજરાતમાં આકરી ગરમી પડવાની શરૂઆત થઈ ગઈ છે. હવામાન વિભાગે આગામી ૧૫ મે સુધી રાજયમાં આકરા હીટવેવ ની આગાહી કરી છે. જેમાં તાપમાનનો પારો ૪૧ થી ૪૪ ડીગ્રી સુધી પહોચી શકે છે. આજથી અમદાવાદ સહિતના મોટાભાગના વિસ્તારોમાં ૬ દિવસ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. જેનાથી લોકોને અંગ દઝાડતી ગરમીનો અહેસાસ થશે.

આગામી અઠવાડીયા દરમિયાન રાજયમાં અગનગોળા વરસાવતી ગરમી પડી શકે છે, આજે તારીખ ૧૦ મે ના રોજ કચ્છ, દ્વારકા, પોરબંદર, રાજકોટ, ગીરસોમનાથ, અમરેલી, ભાવનગર, સુરેન્દ્રનગર, બનાસકાંઠા, પાટણ, સુરત અને વડોદરામાં પણ યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાત રીજનમાં ૧૫ મે સુધી ગરમીનો આ પ્રકોપ યથાવત રહેવાની શકયતા છે. કાળઝાળ ગરમીને જોતા બપોરના સમયે કામ વગર ઘરની બહાર ન નીકળવા લોકોને આરોગ્ય વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે. હાલમાં નોર્થ ઈસ્ટ રાજસ્થાન પર એક સાયકલોનીક સરકયુલેશન સિસ્ટમ સક્રિય થઈ છે. પરંતુ હમણાં થોડા દિવસ વાતાવરણ શુષ્ક રહેશે અને આગામી દિવસોમાં મહત્તમ તાપમાનમાં વધુ ૨ થી ૩ ડીગ્રીનો વધારો થશે.

# આગામી દિવસોમાં સામાન્ય માણસના ખિસ્સા ઉપર વધુ ભાર પડશે : આગામી સમયમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વધી શકે છે

પ્રતિનિધિ,ગાંધીનગર



દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ટુંક સમયમાં નોધપાત્ર વધારો જોવા મળી શકે છે. ઈન્ડીયા ટુ ડેના અહેવાલ મુજબ વધતા નુકશાનને કારણે સરકારી તેલ કંપનીઓ પર દબાણ વધી રહ્યુ છે. જેના કારણે ૧૫ મે પહેલા પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર રૂપીયા ૪ થી ૫ નો વધારો થઈ શકે છે. તો બીજી તરફ ઘરેલુ એલપીજી સીલીન્ડર પર પણ રૂપીયા ૪૦ થી ૫૦ નો વધારો થઈ શકે છે. એવુ નોંધાયુ છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રુડ ઓઈલના ભાવમાં તીવ્ર વધારાને કારણે તેલ કંપનીઓ દર મહિને આશરે રૂપીયા ૩૦ હજાર કરોડના અંડર-રીકવરી નુકશાનનો સામનો કરી રહી છે. વૈશ્વિક સ્તરે ક્રુડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ વધી રહ્યા છે. જો કે વૈશ્વિક તેલ સંકટ છતાં ભારતમાં પેટ્રોલ અને ડીઝલના છુટક ભાવ પ્રમાણમાં સ્થિર રહ્યા છે. સરકાર અને તેલ કંપનીઓ ગ્રાહકો પરનો બોજ ઘટાડવા માટે સાથે મળીને કામ કરી રહી છે. સુત્રોના જણાવ્યા અનુસાર સામાન્ય જનતાને અચાનક આંચકો ન લાગે તે માટે સરકાર અને કંપનીઓ પેટ્રોલ પર પ્રતિ લીટર રૂપીયા ૨૪ સુધીનો બોજ સહન કરી રહી છે.જો નવા ભાવ મંજુર થાય છે તો લગભગ ૪ વરસમાં ઈંધણના ભાવમાં આ પહેલો મોટો વધારો થશે. ૨૦૨૨ પછી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળ્યો નથી. મધ્ય પૂર્વ માં ચાલુ તણાવ અને યુદ્ધ પરિસ્થિતિને વધુ વરસી છે. હોર્મુઝ સ્ટેટ માં વધતી કટોકટીએ ખાસ કરીને વૈશ્વિક તેલ પુરવઠા પર અસર કરી છે. વિશ્વના તેલ પુરવઠાનો આશરે ૨૦ ટકા આ માર્ગ માં થી પસાર થાય છે. પુરવઠાના વિક્ષેપના ભયને કારણે ક્રુડ ઓઈલના ભાવ રેકોર્ડ ઉંચા થયા છે. ભારતમાં હાલમાં ઈંધણ કટોકટી અને રેશનીંગ ટાળી શકયુ છે. આ માટે સરકારે એલપીજી ઉત્પાદનમાં વધારો કર્યો છે. પેટ્રોલ અને ડીઝલ પર એકસાઈઝ ડયુટી ઘટાડી છે અને રશિયા, યુનાઈટેડ સ્ટેટસ અને પશ્ચિમ આફ્રિકા જેવા દેશોમાંથી ક્રુડ ઓઈલની આયાતમાં વધારો કર્યો છે. વધુમાં રીફાઈનરીઓ ૧૦૦ ટકા થી વધુ ક્ષમતા પર કાર્યરત છે. જેથી પુરવઠા પર અસર ન પડે.

# અમદાવાદમાં કફનના કપડાંનો કાળો કારોબાર? સ્મશાનથી બજાર સુધીની ચોંકાવનારી સપ્લાય ચેનનો ખુલાસો

પ્રતિનિધિ,ગાંધીનગર




મધ્યપ્રદેશના ઈન્દોર શહેરમાંથી એક ચોકાવનારો મામલો બહાર આવ્યો છે. જેમાં સ્મશાનઘાટ પરથી મૃતદેહોના કપડાં એકત્રિત કરીને તેને ધોઈ-પ્રેસ કરીને ફરી બજારમાં વેચાતા હોવાના ગંભીર દાવા કરવામાં આવ્યા છે. તપાસમાં બહાર આવ્યુ છે કે આ કપડાં અમદાવાદ સહિત ગુજરાતના કેટલાક બજારો સુધી પહોચતા હોવાની પણ ચર્ચા છે.

માહિતી મુજબ અંતિમ સંસ્કાર પહેલા મૃતદેહ પરથી ઉતારવામાં આવેલા કપડાં ને કેટલાક લોકો દ્વારા ભેગા કરવામાં આવે છે. ત્યારબાદ તે કપડાં દલાલો મારફતે મોટા વેપારીઓ સુધી પહોચે છે, ત્યાં તેને ધોઈને, ઈસ્ત્રી કરીને અને નવુ પેકીંગ કરીને ફરી વેચાણ માટે તૈયાર કરવામાં આવે છે.

તપાસ દરમિયાન કેટલાક સ્મશાનઘાટોમાં કપડાં ના ગોડાઉન હોવાના પણ દાવા થયા છે. સાડી, શાલ, પેન્ટ-શર્ટ અને અન્ય કપડાં અલગ અલગ ભાવે વેચાતા હોવાની વાતો બહાર આવી છે. વેપારીઓનો દાવો છે કે કપડાંને એટલી સારી રીતે સાફ કરવામાં આવે છે કે સામાન્ય માણસ પણ ઓળખી ન શકે, સૌથી ચોંકાવનારી વાત એ છે કે આ કપડાં સામાન્ય લોકો શુભ પ્રસંગો, લગ્ન અને પુજા-પાઠ માં પણ ઉપયોગ કરતા હોવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર મૃતદેહ સાથે જોડાયેલા કપડાંનો ફરી ઉપયોગ અશુભ માનવામાં આવે છે.

સંત સમાજના આગેવાનોનુ કહેવુ છે કે આ પ્રકારની પ્રવૃત્તિ લોકોની આસ્થા સાથે ખેલવા સમાન છે, સાથે જ સ્વચ્છતા અને આરોગ્યના દ્રષ્ટીકોણથી પણ આ ગંભીર મુદ્દો બની શકે છે. હાલ સમગ્ર મામલે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને આવા ગેરકાયદેસર કારોબાર સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.

# ગુજરાત હાઈકોર્ટના આદેશ બાદ ભારે પોલીસ બંદોબસ્ત સાથે હિન્દુ યુવતિ અને મુસ્લીમ યુવકના લગ્ન નોંધાયા

પ્રતિનિધિ,ગાંધીનગર



અમદાવાદ શહેરમાં છેલ્લા બે દિવસથી ચર્ચાસ્પદ બનેલા મહેસાણાના મુસ્લીમ યુવક અને અસારવાની હિન્દુ યુવતિના લગ્નનો મામલો આખરે ગુજરાત હાઈકોર્ટના હસ્તક્ષેપ બાદ સુખદ અંત તરફ વળ્યો છે.

આજે શનિવારે કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે ખાસ જિલ્લા રજીસ્ટ્રાર કચેરી ખાતે બંનેના લગ્નની નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. નોંધનીય છે કે ગઈ કાલે જયારે આ યુગલ લગ્ન નોંધણી માટે પહોચ્યુ ત્યારે વીએચપી અને બજરંગદળના કાર્યકર્તાઓએ કચેરી ખાતે પહોચી ભારે વિરોધ પ્રદર્શન કર્યુ હતું. વિરોધને પગલે ગઈ કાલે નોંધણી પ્રક્રિયા મોકુફ રાખવી પડી હતી. જો કે હાઈકોર્ટના કડક વલણ બાદ આજે શનિવારે જિલ્લા રજીસ્ટ્રાર એમ એમ સૈયદ સમક્ષ પોલીસના વિશેષ પહેરા વચ્ચે લગ્ન નોંધણી કરવામાં આવી હતી. આ સમગ્ર મામલો ત્યારે ચર્ચામાં આવ્યો હતો. જયારે યુવતિ ગુમ થઈ ગઈ હતી અને મુસ્લીમ યુવકે હાઈકોર્ટમાં હેબિયર્સ કોર્પસ અરજી કરી હતી. હાઈકોર્ટે બંનેના લગ્નની નોંધણી કરાવવા માટે સ્પષ્ટ હુકમ કર્યો હતો. કોર્ટના આદેશનુ પાલન કરતા આજે શનિવારે લગ્ન નોંધણી સંપન્ન થઈ હતી. જેનો રીપોર્ટ હવે હાઈકોર્ટમાં રજુ કરવામાં આવશે. અધિકારીઓના જણાવ્યા મુજબ કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે આ નોંધણી કરવામાં આવી છે. સંભવિત ઘર્ષણને ટાળવા માટે રજીસ્ટ્રાર કચેરી ખાતે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો કાફલો તૈનાત રાખવામાં આવ્યો હતો. લગ્ન નોંધણી બાદ યુગલને પોલીસ બંદોબસ્ત સાથે રવાના કરવામાં આવ્યો હતો.